રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૮ તાલુકાઓમાં વરસાદ : જલાલપોરમાં ૨૨૫ મી.મી. વરસાદ

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મધ્ય અને ઉત્તર ગુજરાતને મેઘરાજાએ ઘમરોળી નાંખ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ નવસારી જિલ્લાના જલાલપોરમાં નવ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો છે.

રાજ્ય પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સવારે સાત વાગ્યે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૩૧ જિલ્લાના ૧૭૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં નવસારી જિલ્લાના જલાલપોરમાં ૨૨૫ મી.મી. એટલે કે નવ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત નવસારીમાં પણ ૧૭૩ મી.મી. એટલે કે સાત ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

મધ્ય ગુજરાતમાં ખેડા જિલ્લાના ગલતેશ્વરમાં ૧૦૩ મી.મી., કઠલાલમાં ૧૨૮ મી.મી., નડીયાદમાં ૧૦૬ મી.મી., વડોદરા જિલ્લાના સાવલીમાં ૧૩૨ મી.મી., મહીસાગર જિલ્લાના કડાણામાં ૧૩૭ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના મહેસાણા પાટણ બનાસકાંઠા જિલ્લામાં પણ એકથી બે ઈંચ જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે દિવસ દરમિયાન બપોરના ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૮૯ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ અરવલ્લી જિલ્લાના ધનસુરામાં ૧૨૦ મી.મી. એટલે કે પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત મહિસાગર જિલ્લાના બાલાસીનોરમાં ૮૩ મી.મી., કડાણામાં ૯૭ મી.મી. અને પંચમહાલ જિલ્લાના શહેરામાં ૧૦૯ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થતાં રાજ્યના સરેરાશ વરસાદ સામે અત્યાર સુધીમાં ૮૯.૭૬ ટકા જેટલો વરસાદ થઈ જવા પામ્યો છે. સાર્વત્રિક વરસાદને કારણે પાણીની આવક થતાં કેટલાક જળાશયો ઓવર ફલો થયા છે.

તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં રાજ્યના ૫ થી ૧૦ તાલુકામાં ૧૨૬ થી ૨૫૦ મી.મી., ૬૩ તાલુકામાં ૧૦ થી ૨૦ ઈંચ, ૧૩૮ તાલુકામાં ૨૦ થી ૪૦ ઈંચ અને ૪૦ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ વરસાદ થવા પામ્યો છે.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હિંમતનગરમાં છેલ્લા બે દિવસથી અવીરત પણે વરસાદ વરસતાં રોજીંદા જન-જીવન પર માઠી અસર થવા પામી છે. સોમવારની રાત્રે શરૂ થયેલ વરસાદ મંગળવાર સુધી ૧૦ ઈંચ જેટલો વરસ્યો હતો. જે બુધવારે પણ ચાલુ રહયો હતો. વરસાદના કારણે હિંમતનગર સહીત આજુ-બાજુના વિસ્તારોમાં ઠેરઠેર પાણી ભરાઈ જતાં લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. હવામાન ખાતાની આગાહી મુજબ આગામી ૩૬ કલાકમાં ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ પડવાની સંભાવનાને લઈ લોકોને સજાગ રહેવા ડીઝાસ્ટર વિભાગ દ્વારા ચેતવણી આપવામાં આવી છે.

મોડાસા માર્કેટયાર્ડ નવીન જગ્યાએ ખસેડવાના વિરોધમાં વેપારીઓ ધ્વારા સજ્જડ બંધ પડાયો

ખાનગી ડેવલોપરોને કરોડોનો ફાયદો કરાવવા વેપારીઓ અને ખેડુતોના હિત જોખમમાં મુકાયા

મોડાસા, તા.૧૦

મોડાસા શહેરમાં હાલમાં ધમધમતુ માર્કેટયાર્ડ એકાએક ગાજણ ગામ ની સીમ માં આવેલી બીનવિકસીત જગ્યાએ ખસેડવાના હિલના સત્તાધિશો ના નિર્ણય ના પગલે વ્યાપક જનઆકોશ ફાટી નીકળ્યો છે. જેના પગલે આ નિર્ણય ના વિરોધ માં આજે માર્કેટયાર્ડ ના વેપારીઓ ધ્વારા સઝજડ બંધ પાડવામાં આવ્યો હતો અને આ તઘલખી નિર્ણય રદ કરવા માંગ ઉઠવા પામી હતી.

મોડાસા ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિ ના વર્તમાન સત્તાધિશો સતત વિવાદ માં રહે છે. અને જાણે કે આખરી ટર્મ હોય અને રાજકીય કારકીર્દી જાતેજ પતાવી દેવા માંગતા હોય તેમ નિર્ણયો લઈ ને સતત વેપારીઓ તથા ખેડુતો ના વિરૂધ્ધ માં નિર્ણયો લે છે. આવો જ એ નિર્ણય તાજેતર માં લેવાયો છે. જે મુજબ હાલ નુ ધમધમતુ માર્કેટયાર્ડ ગાજણ ગામ ની સીમ માં આવેલી ઉઝજડ સીમ માં બીનવિકસીત જગ્યાએ ખસેડી પ્રાઈવેટ જમીનધારકો ને લાભ કરાવવા માટે નવ્ન માર્કેટયાર્ડ બનાવવાનુ આયોજન કરાયુ છે. જેના લીધે હજારો ખેડુતો તથા વેપારીઓ ને નુકશાન થવાની સંભાવના છે. જેનો વ્યાપક વિરોધ ફાટી નીકળતા મોડાસા માર્કેટયાર્ડ ના વેપારીઓ ભેગા મળી ને સજ્જડ બંધ પાડયો હતો જયારે એક પણ દુકાનના શટર ખુલવા પામ્યા ન હતા આ આવા મોહમદ તઘલખ જેવા નિર્ણય નો વિરોધ થયો હતો આ નવિન માર્કેટયાર્ડ ની જગ્યા પહ માર્કેટયાર્ડ ખસેડવાની ની પેદાઈશ અમુક જ સત્તાધિશો ની મગજ ની પેદાઈશ છે. જયારે બાકી ના ડીરેકટરો ને કઈક લાભ આપી ચુપ કરાઈ દેવાયા છે તેવી લોક મુખે ચર્ચા થઈ રહી છે.છાશવારે કોંગ્રેસ ભાજપ તરફ ઝોક ભરાવતા અમુક નેતાઓ રાત્રે રેડો પાડે છે. પણ હાલ આવડો મોટો નિર્ણય લીધો છે. ત્યારે નેતાઓ કેમ ચુપ છે. તે એક મોટો પ્રશ્ન છે. તે વેપારીઆલમ માં ચર્ચા નો વિષય બન્યો છે.

ગાજણ ની સીમમાં નવિનમાર્કેટયાર્ડ બનાવવાનો પ્રસ્તાવ છે. ત્યાં આ જમીન રાજા મહારાજા આવે પણ ભાજપના એક નેતા ના ઈશારે સાવ મફત ના ભાવ ની જમીન કરોડો માં વેચવાનો કારસો ઘડવામાં આવ્યો છે. પ્રાઈવેઢ ડેવલોપર માર્કેટયાર્ડ વિકસાવી ૩૦ થી ૩૫ લાખ માં દુકાનો વેચી ને કરોડો નો નફો કમાઈ ઘરભેગો થઈ જશે અને પછી માર્કેટયાર્ડ ના સત્તાધિશો ને માર્કેટયાર્ડ સોપશે તેમાં શો લાભ???આનન લીધે મોડાસા શહેર નો વિકાસ રૂધાશે તેથી તાત્કાલીક ધોરણે આ નિર્ણય રદ કરવા માંગ ઉડવા પામી છે. જયારે મોડાસા ના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર પણ વેપારીઓ સાથે આ હડતાળ માં જોડાયા હતા અને પોતાનો ટેકો જાહેર કરવામાં આવ્યો હતો.

મહિલાઓ માટે વધતી ઉંમરના લક્ષણો પર પરિસંવાદ

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા મહિલા સભ્યો માટે વધતી ઉંમરના લક્ષણો, ખરતા વાળ અને ખીલની સમસ્યાના નિવારણ માટે અત્યાધુનિક, કોસ્મેટીક અને લેઝર સારવારની ઉપયોગીતા પર પરિસંવાદ યોજવામાં આવશે. તા. ૧૧ મી સપ્ટેમ્બર ગુરૂવારના રોજ બપોરે ૪ થી ૫ કલાક દરમિયાન સેક્ટર-૨૨ ફિઝિયોથેરાપી સેન્ટર ખાતે પરિસંવાદ યોજાશે. જેમાં નગરના ડર્મેટોલોજીસ્ટ ડૉ. સૌરભ કાપડિયા ઉપસ્થિત રહી માહિતી આપશે. પરિસંવાદમાં ૧૨ વર્ષથી મોટી ઉંમરની મહિલાઓ ઉપસ્થિત રહી શકશે.

સેક્ટર-૨૮ સ્કુલ ઓફ કોમર્સના ૧૯ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ

ગાંધીનગર, તા. ૧૦

૮૦ ટકા પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને સેન્ટ્રલ સેકટર મેરીટ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિવર્સિટી સ્ટુડન્ટસ યોજના હેઠળ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ત્યારે શ્રી એન.કે. સોલંકી (મોગર) સ્કુલ ઓફ સે-૨૮ના ૧૯ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા છે. દરેક વિદ્યાર્થીને યોજના હેઠળ રૂ. ૧૦ હજાર સ્કોલરશીપ મળશે. શાળાના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળવાથી શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

શહેર પેન્શનર્સ સમાજની વાર્ષિક સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની વાર્ષિક સામાન્ય સભાની બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૨૧-૯-૨૦૧૪ને રવિવારના રોજ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે બપોરે ૩.૦૦ વાગે મળશે. આ બેઠકમાં વર્ષ ૨૦૧૩-૧૪ ના ઓડીટેડ હિસાબ અને વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવશે. બેઠકમાં ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના તમામ સભ્યોને અચુક ઉપસ્થિત રહેવા વિનંતી છે.

ઊંઝામાં વરસાદથી નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર

ઊંઝા, તા. ૧૦

ઊંઝા વિસ્તારમાં છેલ્લા બે દિવસથી સતત વરસાદ ચાલુ રહેતાં લોકોની મુશ્કેલી વધી ગઈ છે. ઊંઝા શહેરના નીચાણવાળા વિસ્તારો હજી પાણીમાં ગરકાવ છે.

બસ સ્ટેશન પાસેના રેલવે અન્ડર બ્રિજ તેમજ મહિલા કોલેજથી ગાંધીચોક સુધીના મુખ્ય જાહેર રાજમાર્ગ પર ઢીંચણ સમા પાણી ભરાયેલા છે. જેથી લોકોને અને વાહનોને આવ-જા કરવામાં મુશ્કેલી ઉભી થઈ છે. ઊંઝાથી વણાગણ જવાના રસ્તે ગરીબ લોકો માટે બનાવેલ મકાનોમાં તેમજ આસપાસમાં વરસાદી પાણી ભરાતાં આ લોકો ફસાઈ ગયા છે. ગ્રામ્ય વિસ્તારને જોડતા કેટલાક માર્ગો પર હજી પાણી ભરાયા છે. આથી વાહનવ્યવહાર ખોરવાયેલો છે.

ઊંઝા નજીકના ઉનાવા ગામના પેટા પર લક્ષ્મીપુરા અને પ્રતાપગઢ જવાના માર્ગમાં પાણી ભરાઈ ગયા છે. જેથી સગર્ભા મહિલાને પ્રસુતિ અર્થે હોસ્પિટલમાં ખસેડવી મુશ્કેલ બનતાં તબીબોને ઘેર બોલાવવાની પરજ પડી હતી. સતત વરસાદને લીધે ચોમાસુ ખરીફ પાકો કપાસ, એરંડાના ખેતરોમાં ઉભા પાકોને વત્તા ઓછા પ્રમાણમાં નુકસાન થયેલ છે. જેના કારણે ખેડૂતોમાં ચિંતાની લાગણી ફેલાઈ છે. છેલ્લા બે દિવસથી સતત પડતા વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. અને લોકો પરેશાનીમાં મુકાયા છે ત્યારે પાલિકા, તાલુકા મામલતદાર અને તાલુકા પંચાયતના તંત્રોને બચાવ રાહત માટે જાણે કંઈજ પડી ન હોય તેમ આ તંત્રો નિષ્ક્રિય રહ્યા છે. તાલુકાના જવાબદાર અધિકારીઓ એ.સી. કચેરીમાંથી બહાર નીકળીને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લે તો જ તેમને વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવી શકે. એક તરફ ડીઝાસ્ટર મેનેજમેન્ટની વાતો થાય છે ત્યારે બીજી તરફ ખરા સમયે તંત્રની કામગીરી જોવા મળતી નથી તે કડવી વાસ્તવિકતા છે.

મહિલાને પરણિત પ્રેમી દ્વારા જીવતી સળગાવવાનો કારસો

મોડાસા, તા. ૧૦

અરવલ્લીના મોડાસાના કસ્બા વિસ્તારમાં વિધવા મહિલા અને પરણિત પ્રેમી વચ્ચે કોઈક બાબતે સંબંધમાં દરાર પેદા થતાં તેના જ ઘરમાં કેરોસીન છાંટી સળગાવી દેવાનો પ્રયાસ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી હતી.

મોડાસાના કસ્બા વિસ્તારમાં ચકચાર મચાવી દેનાર બનાવમાં મહિલાને તેના ઘરમાં કેરોસીન છાંટીને સળગાવી દેવાની ઘટનાનો ભોગ બનેલ મહિલા ૯૦ ટકાથી વધારે ગંભીર રીતે દાઝી ગયેલી હતી. દાઝી જવાના કારણે મહિલાએ બૂમાબૂમ કરતા આજુબાજુના લોકોએ તાત્કાલિક સારવાર અર્થે મોડાસા સાર્વિજનક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ભોગ બનેલી મહિલા રઝયાબાનુના પતિનું સાતેક વર્ષ પહેલા અવન થયું હતું. આ વિધવા મહિલાને તેના જ ફળીયામાં રહેતા અબ્દુલ રહીમ જે પોતે પણ પરણીત હોય અને ત્રણ સંતાનોનો પિતા સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. અને છેલ્લા કેટલાય વર્ષોથી પ્રમ સંબંધ હોવાથી ચર્ચાએ જોર પકડતાં અબ્દુલ રહીમની પત્નિને વાતની જાણ થઈ જતાં તેના ઘરમાં કંકાસ થતો હતો. પત્નીને લાગતાં કે આ ઝઘડાનું મુળ કારણ પ્રેમીકા જ હોવાથી અને કાયમી ઘર કંકાસ દૂર થઈ જાય તે માટે રઝીયાબાનુના ઘરે પહોંચી ઘરમાં પડેલ કેરોસીનના ડબલામાંથી કેરોસીન છાંટી આગ ચાંપી દેતા થોડીક જ ક્ષણોમાં મહિલા ૯૦ ટકાથી વધારે દાઝી ગઈ હતી. હાલ માણસા હોસ્પિટલના બિછાને જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે. આ ગંભીર ઘટનાની જાણ થતાં ટાઉન પોલીસે મહિલાની જુબાની લઈ આરોપીને ઝડપી લઈ જેલ હવાલે કર્યો છે. અને ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિરપુરનાં રહીશો માટે નવી સામવેદ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલનો શુભારંભ

વિરપુર જિલ્લાના રહીશો માટે સ્વાસ્થ્યની વધુ સારી સેવા આપવા નવી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ વિરપુર ખાતે વિશાળ જગ્યામાં અદ્યતન સુવિધાઓ સાથે શરૂ થયેલી સામવેદ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલનો ભવ્ય ઉદઘાટન સમારોહ સાથે શુભારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે શાસ્ત્રી સ્વામી શ્રી અખિલેશ્વર દાસજી અને અતિથિ વિશેષ તરીકે હિમાંશુ પટેલ પન્સરી ગામનાં સરપંચ ઉપસ્થિત રહ્યા હતાં. તેમજ હોસ્પિટલના નિષ્ણાંત ડૉકટર ડૉ. રહિત ડામોર (ઓર્થો સર્જન), ડૉ. ભાર્ગવ પટેલ (એમડી સર્જન), ડૉ. આકાશ પટેલ, ડૉ. કડીયાવાલા તથા સમાજના પ્રતિષ્ઠિત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ હોસ્પિટલ કઠલાલમાં વિરપુર બસ સ્ટેન્ડ સામેનાં સહયોગ કોમ્પ્લેક્ષ ખાતે શરુ કરાઈ છે. આ હોસ્પિટલમાં અદ્યતન આઈસીસીયુ, અદ્યતન સુવિધા સાથેનું ઓપરેશન થિયેટર તથા ડિજીટલ ટેકનોલોજી ધરાવતું એડવાન્સ એકસરે અને સોનોગ્રાફી મશીન સાથેનું કિલનિક સહતની અનેકવિધ સુવિધાઓ સાથે નિષ્ણાંત ડોકટરોની ટીમ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત ખભો, કરોડરજ્જુ, હાડકાના તમામ ઓપરેશનો, અત્યાધુનિક પદ્ધતિથી કરવામાં આવશે અને કાન, નાક,ગળા, કેન્સર, કીડની અને ચામડીના રોગોની પણ વ્યાજબી કિંમતે સારવાર મળશે. હોસ્પિટલમાં તમામ દર્દીઓને પોસાય તે રીતે જનરલ વોર્ડ, સ્પેસ્યલ વોર્ડ, ડીલક્ષ વોર્ડ સહિતની સુવિધા તથા દર્દીઓ માટે ખાસ લીફટની પણ વ્યવસ્થા છે.

દર્દીઓ માટે વિવિધ પ્રકારના બોડી ચેક અપ પ્લાન્ટસ પણ શરુ કરવામાં આવ્યા છે જેમાં દર્દીને વ્યાજબી કિંમતે જુદા જુદા ટેસ્ટ અને ચેક અપની સુવિધા મળશે. આ સાથે હોસ્પિટલમાં જ ૨૪ કલાક ચાલતી અદ્યતન લેબોરેટરી પણ ઉપલબ્ધ છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

શામળાજીમાં ભાદરવી પૂનમે ભકતોનો અવિરત પ્રવાહ

મોડાસા, તા.૧૦

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના પ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં આવેલ શામળીયા ભગવાનના દર્શને હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડયા હતા. શામળાજી એ વિવિધ ડુંગરાઓની વચ્ચે ઘેરાયેલું રમણીય પ્રવાસન સ્થળ તેમજ યાત્રાધામ છે. વરસાદ સારો થવાથી ડુંગરોની હારમાળાથી ઘેરાયેલ શામળાજી પર જાણે કુદરતની મહેર થઈ હોય તેમ લીલા રંગની ચાદર ઓઢી હોય તેવું સુંદર નયનરમ્ય વાતાવરણ પેદા થયું છે. ભાદરવી પૂનમ અને કારતકી પૂનમનું વિશેષ મહત્વ ધરાવતા એવા શામળીયા ભગવાનના મંદિરમાં આજે ભાદરવી પૂનમના દિવસે વહેલી સવારથી જ શામળીયા ભગવાનના દર્શન કરવા માટે ખૂબ જ લાંબી લાંબી લાઈનોની કતાર જોવા મળી હતી. અનરાધાર વરસાદ હોવા છતાં ભકતોની શ્રધ્ધામાં કોઈ જ ઓટ આવી ન હતી. વરસતા વરસાદની વચ્ચે પણ ભકતો ખુબ જ શાંતિથી લયબધ્ધ રીતે ભગવાન કાળિયાદેવના દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવતા હતા. શામળાજી પોલિસ સબ ઈન્સ્પેકટર એ.કે. વાળાએ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સંપૂર્ણ તકેદારી પૂર્વક ખુબ જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવેલ હતો.

વરસાદનું જોર ઘટ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. સત્તાવાળાઓએ પરિસ્થિતિને પારખી આ પાણીનો પ્રવાહ કચ્છના નાના રણ તરફ વાળ્યો હતો.

કચ્છના નાના રણમાં પાણી ફરી વળતાં અગરિયાઓને ભારે નુકશાન થવાના અંદાજો છે.

આજે ગાંધીનગર જિલ્લામાં વરસાદનું જોર ઘટવા પામ્યું છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના નાગજીભાઈના મુવાડા ખાતે એક મકાનની દિવાલ ધસી પડતાં ૩૫ વર્ષીય મહિલાનું મૃત્યુ નીપજ્યાના અહેવાલો છે.

પાટણ જિલ્લામાં પણ આજે વરસાદનું જોર ઘટ્યું છે. કેટલાક ગામોમાં પાણી ભરાઈ જવાને કારણે ગ્રામ્ય વિસ્તારોનો વાહન-વ્યવહાર ખોરવાયો હોવાના અહેવાલો છે.

ઉત્તર ગુજરાતમાં વરસાદનું જોર ઘટતાં ઠેર ઠેર ભરાયેલા પાણી ઉતરવા લાગ્યા છે. જો કે વરસાદે આજે બપોર બાદ વિરામ લીધો છે. પરિસ્થિતિ સામાન્ય થતાં એકાદ-બે દિવસ લાગશે તેમ તંત્રનું માનવું છે.

ગરીબ કલ્યાણ મેળા.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી રહ્યું છે. પહેલા આ ગરીબ કલ્યાણ મેળાઓ તાલુકા કક્ષાએ યોજાતા હતા હવે આ મેળાઓ દરેક પ્રાંત કક્ષાએ યોજવામાં આવી રહ્યા છે જે ઉલ્લેખનીય છે.

ચોમાસુ ચાલી રહ્યું હોવાથી તંત્ર વાહકો સલામત સ્થળની પસંદગીમાં વધુ વ્યસ્ત બન્યા છે. આ ગરીબ કલ્યાણ મેળાઓ હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ શરુ કર્યા હતા. ગરીબોને કલ્યાણકારી યોજનાઓનો સીધો લાભ મળે અને વચેટિયાઓનો એકડો નીકળી જાય તે હેતુથી આ મેળાઓનું આયોજન હાથ ધરાયું હતું.

વ્યવસ્થાનો અભાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ પણ સી.એ.ટી.પી. કચેરીએ ગુડાની કચેરી સંપૂર્ણપણે કાર્યરત ન થાય ત્યાં સુધી વિકાસ કામગીરી ચાલુ રાખી હતી. પ્રજાના હીતને ધ્યાને લઈ બાંધકામના વિકાસને લગતી મંજુરી ગુડા કક્ષાએ હાલ પુરતી ચાલુ રાખવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ અંગે સમયસર યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો શહેરમાં ગેરકાયદેસર બાંધકામની પ્રવૃત્તિને વેગ મળશે તેવો પણ રોષ વ્યકત કરવામાં આવ્યો છે.

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ
બ્લોક નં. ૧૮, ૯મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

જાહેરાત

અત્રેના બોર્ડનું એસ્ટીમ વાહન નં. જીજે-૧૮-એ- ૨૮૭૯ (સીએનજી) મોડલ-જુલાઈ - ૧૯૯૯ જે હાલતમાં છે તે હાલતમાં વેચવાનું છે. વાહનની તળિયાની કિંમત રૂ. ૫૦,૦૦૦ નિયત કરવામાં આવેલ છે. રસ ધરાવતી વ્યક્તિઓ તેઓના ભાવ સીલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૭ની અંદર મોકલી આપવાના રહેશે. આ વાહન રૂબરૂ જોવા માટે ઉપરોક્ત કચેરી ખાતે (જાહેર રજાના દિવસો સિવાય) સીનીયર મેનેજર (એડમીન)નો સંપર્ક કરવો. કોઈપણ ભાવ સ્વીકારવાની કે તમામ ભાવો રદ કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીની રહેશે.

મુખ્ય કારોબારી અધિકારી

જાહેરાત

જિલ્લા નાયબ નિયામક, વિકસતી જાતિ, ગાંધીનગરની કચેરીનું બહુમાળી ભવન, બી-બ્લોકના સાતમાં માળે આળેલ મોડ્યુલર ફર્નિચર (આશરે ૧૨૦૦ ફુટ) કાઢી નવી કચેરી સહયોગ સંકુલ, બી-બ્લોક, પ્રથમ માળ, ગાંધીનગર ખાતે ફીટીંગ કરવા અંગેની કામગીરી માટેનું ભાવપત્રક આ કામગીરી કરવા રસ ધરાવતા વ્યાપારી/સંસ્થાઓ તા. ૧૮/૯/૨૦૧૪ સુધીમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી નીચેના સરનામે મોકલી આપવા જણાવવામાં આવે છે.

સરનામું : જિલ્લા નાયબ નિયામક(વિ.જા.) ગાંધીનગરની કચેરી, સહયોગ સંકુલ, બી-બ્લોક, પ્રથમ માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગર.

(એમ. પી. ઠાકર)
જિલ્લા નાયબ નિયામક
(વિ.જા.), ગાંધીનગર

માહિતી/૧૧૭૧/૨૦૧૪-૧૫

PUBLIC NOTICE

IN THE HIGH COURT OF GUJARAT, AT AHMEDABAD
CIVIL APPLICATION
(FOR CONDONATION OF DELAY) No. 384 of 2014
IN
FIRST APPEAL (STAMP NUMBER) NO. 3891 OF 2013
District : BANASKANTHA
(Arising from Judgment and Award passed by Chairman, MACT(Main), Banaskantha in MACP No. 182 of 2000 dated 19/11/2008)

NEERUBEN WD/o BHANJIBHAI KASLARAM GADIYA AND 2 — **Advocate for applicant's Mr. Hiren M. Modi**

V/S

RAJENDRASINGH GANPATSINGH RAJPUT (DELETED) AND 2 — Oppnents

To

2. Sanjaykumar Kanaiyalal Jain,
Resi. at Punjab Tyre House,
Sarkhej, Ahmedabad.

Take notice that the applicant above named has presented said Civil Application.

And the same has been registered in this Court and this Hon'ble Court has on 3/3/2014, ordered to issue notice of Rule to the respondents, returnable on 15/4/2014, but notice or Rule issued to respondent No.2 returned unserved. The Counsel for the applicant by preferring Civil Application No. 8894 of 2014 prayed therein, permission, to serve by way of publication of an advertisement in newspaper Circulated in the Ahmedabad Sistrict and the same is granted by the Hon'ble Court (Coram: Honourable Mr. Justice Ravi R. Tripathi) on 11/8/2014

Take notice that the Civil Application No. 384 of 2014 in First Appeal (Stamp No.) 3891 of 2013 will take place on 22nd day of September, 2014 at 11.00 peremptorily in this Court. If no appearance is made on your behalf, by yourself, your advocate or someone by law authorized to act for you, it will be detemined in your absence.

Witness BHASKAR BHATTACHARYA, Esquire Chief Justice at Ahmedabad aforedaid this 11th day of August, 2014.

Court Seal

By the Court
Sd/-
(Mrs. Nafi A. Mondal)
Dy. Registrar
This 19th day of August, 2014

Sd/- (Mrs. H.K. Ohri) Dy. S.O.
Sd/- (Mr A.M. Chavda) Section Officer

શબ્દાવલી - ૫૫૦૨



આડી ચાવી

૧. તંદુરસ્તી માટે ખોરાકમાં... પ્રોટીન વગેરે સત્ત્વો હોવા જોઇએ(૪)
૪. તડ (૩)
૭. એક ફળ, રાણ (૩)
૮. ક્ષમા (૨)
૯. ધાન્ય, અવાજ (૨)
૧૧. ઇન્ડિયા (૩)
૧૩. ગાંધીજી... થી કાંતતા હતા (૩)
૧૬. સમગ્ર, સર્વ (૩)
૧૭. યુદ્ધ, તોફાન (૪)
૧૮. યુદ્ધ, તોફાન (૪)
૧૯. હુંકર-તુંકર કર્યા કરવું (૪)
૨૦. વાવવા માટેના નાના છોડ (૨)
૨૨. ચોખ્ખા (૨)
૨૩. દેવી ઉમા-પાર્વતી (૨)
૨૪. પાણી, વોટર (૨)

ઊભી ચાવી

૧. માત્ર દેખીતો વિરોધ (૫)
૨. કૃષ્ણભક્ત મેવાડની મહારાણી (૨)
૩. ચક્ષુ, આંખ (૩)
૫. કામકાજ માટે... વગર ના ચાલે (૨)
૬. એક વાદ્ય, ડફ (૩)
૧૦. નર્ક, જહન્નમ (૩)
૧૨. તળીયું, જમીન (૨)
૧૩. પરાકાષ્ઠા (૫)
૧૪. ખેલ, ગેમ (૩)
૧૫. બોક્સ (૨)
૧૮. ચંદનનો સાબુ (૩)
૧૯. આશ્રય, હુંફાળુ, ઓથ(૨)
૨૦. કાયમ, નિત્ય (૨)
૨૧. પાણી આવે તે પહેલા... બાંધવી પડે (૨)

શબ્દાવલી ૫૫૦૧ના જવાબ

આડી ચાવી :- (૧) તરૂવર (૩) પ્રહરી (૬) મા (૭) લત (૮) રઘવાટ (૧૧) રકુંભા (૧૨) મસકો (૧૩) મસા (૧૪) રમકડાં (૧૮) પાણકો (૨૦) હેમાળો (૨૧) યજમાન (૨૩) ઝગડો (૨૨) ચોક

ઊભી ચાવી :- (૧) તસ્કર (૨) વનરાસ (૪) હલકુ (૫) રીતભાત (૯) ઘમસાણ (૧૦) ટકોર (૧૩) જાપાનીસ (૧૫) મહેમાન (૧૬) કમાન (૧૭) ડાળો (૧૯) કોવાડો (૨૨) ચોક